શ્રી ગણેશાય નમઃ

ગુરૂ કેશવ ભજનાવલી.

રચી પ્રસીદ્ધ કરનાર,
અભ્યંતર વડનગરા નાગર,
પંડયા વીજયશંકર ઈજતલાલ.
મુ. બાંસવાડા.

આવૃત્તિ પહેલી.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

શ્રી જૈન વિધા વિજય પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

કીંમત એક આનો.

શ્રી

ગુરૂ કેશવ ભજનાવળી.

ગરબી.

ગુરૂ હીરદામા હે જ્ઞાન મને આપજો રે,
દાસનો તે દાસ કરી રાખજોરે. ગુરૂ.
ગુરૂ સંસાર સાગરમાં ગોથાં ખાઉં રે,
તેથી સીધો રસ્તો બતાવજોરે. ગુરૂ.
ગુરૂ બ્રહ્મા ગુરૂ વિશ્નુ નીશ્ચે જાણુંછું રે,
તેથી જન્મના ભેદથી ઉગારજોરે. ગુરૂ.
ગુરૂ હાથ મુકીને શીશ થાપીઓરે,
તેથી આપનો કરી મને રાખજોરે. ગુરૂ.
ગુરૂ જેથી સંસાર સાગર તરીએરે.
તેથી કૃપા કરી ઉપદેશ આપજોરે. ગુરૂ.
ગુરૂ આપ પ્રતાપ જવેરીલાલ કહેરે,
મુને ચરણની રજમાં રાખજોરે. ગુરૂ.

ગરબી.

પ્રગટ ગુરૂ કેશવાશ્રમ જેવા,

લોકોરે તમે ભટકો છો શું લેવા. પ્રગટ ગુરૂ.
કૃપારે કરી કાશી થકી આવ્યા,
હટકેશ્વરનું બાણુ સાથે લાવ્યા;
બંસરેપુરમાં સર્વેને મન ભાવ્યા. પ્રગટ ગુરૂ.
સ્વામી સ્વામી કહે સર્વ સોહી,
ચરછો જેવો નવ જાણુતો કોઇ;
પછે રે નમીઆં પગલાં મે જોઇ. પ્રગટ ગુરૂ
નાગરને તો જ્ઞાન ગુરૂએ દીધું.
હટકેશ્વરનું બાણુ સ્થાપિત કીધું;
ત્યારે રે સર્વે પ્રાણીનું કાજ સીધું. પ્રગટ ગુરૂ.
સર્વેને તો એક સમાન રાખે,
પ્રીતિ તો ઘણી ગંગા થકી રાખે;
દૃષ્ટિરે શાંત મુખ શંકર ભાખે. પ્રગટ ગુરૂ.
જુવો સર્વે સામર્થ ગુરૂ કેવા,
સત્ય માનો વીશ્વનાથ જેવા;
દરશન કીધે પાપ કટે હેવા. પ્રગટ ગુરૂ.
પતિત ઘણા પાવનરે કીધા,
ચોવાના દાસ કરી લીધા,
જુગલ સુત મુસ્તક કર દીધા. પ્રગટ ગુરૂ.
ભયા ગુરૂ હરદ્વાર જાંહી,
શંકરનું ધ્યાન ધર્યું ત્યાંહી;

સમાધી લીધી જંઆ માંહી. પ્રગટ ગુરૂ.
ગુરૂના ગુણ પ્રેમે ગાશે,
તે તો જન્મ મરણ છુટી જાશે;
જીવન કહે કૈલાશ ફળ પાસે. પ્રગટ ગુરૂ.

ભજન.

ધર્મશાળા મહારાજ બીરાજે, પરમહંશ લાગે પ્યારારે. ધ.
સાંજ સમેકી હોત આરતી, નાગર લોક નરનર ઠારા;
ઉનકે મનકી ઇચ્છા ગુરૂકી, પૂરણ કૃત હે પ્રતિપાળારે. ધ.
અદભુત સ્વરૂપ ત્રૈલોકય મેં નાંહિ, દીગંબર સ્વરૂપ ધરે ન્યારા.
એહી સ્વરૂપ દેખ બીરાજે, સારે બાદન ભરમી ધારારે, ધ.
આશા કુંડપર આપ બીરાજે, રૂપ ધરે ન્યારા ન્યારા.
ચરણ પાદુકા શલ્યાપર ધારી, ચત્રભુજ સ્વરૂપ ધરે ત્યારારે. ધ.
દુશરે ચરીત્ર ભગતનકુ દેખાએ, સુણો સજજન હો તુમ પ્યારા
એહી નામકી કરલો સેવના, કળજુગમાં કોઇ અંશધારારે. ધ.
એહી સ્વરૂપ સબ જુગમાંહે, પંખ પંખેરૂ માંહે સારા;
ગુરૂ પ્રતાપસેં કહત જવેરી લાલ, ચરણકમલ શીર ધાર્યારે. ધ.

મોહાડ.

મહારાજ આપકી વાચા સીધી હોવે દીનાનાથ,
મહારાજજી હો દીનાનાથ,

ઝુલે તો ગમ ગમ કરે, શ્રાવણ રૂડો માસ.
મહારાજ આપકે ઝુલો, ગમકા મારે દીનાનાથ. મહારાજ.
મહારાજ આછન બીરાજી, આરે દીધો સેવકને જ્ઞાન;
મહારાજ આપકી અદભુત માયા, દેખ દીનાનાથ. મહા.
ભસ્મી તો અંગે લગેરે, સુરજ સરખો તેજ;
મહારાજ આપકી ચરણોમેં, ચિત્ત નાંખું દીનાનાથ. મહા.
આછન ધારા કુંડ ગંગા, દશમી કેરા દન;
મહારાજ આપકા શેવક, અરૂક બોલે દીનાનાથ. મહા.
મહારાજ પધાર્યા પરસોલીએરે, ચોઠા ઉડનમેં તેજ;
મહારાજ આપકી ચરણો ચળકા મારે દીનાનાથ. મહા.
માયા કાયા સબી કહેરે, માયા અપરંપાર;
મહારાજ આપકી માયાના પાર ન પાઉં દીનાનાથ. મહા.
સંવત ત્રેસઠ ઓગણીરે, ચૈત્ર કેરો માસ;
મહારજ આપકે સેવક વીજે જોડી દીનાનાથ. મહારાજ.

ગરબી.

આછાંતો બીરાજે બાગાં માંહી ને ગુરૂ દયાળ,
દરશન દીધાંછે મને ચાહીને ગુરૂ દયાળ;
આજની છબીની શોભા શી કહું ગુરૂ દયાળ,
શેશના કહેરે હુ કેમ કહું ગુરૂ દયાળ.
નારદ વજાડી ત્યાંતો બંધ રહ્યા ગુરૂ દયાળ,

(૭)

ઈંદ્ર આદી દેવતા ચકીત થયા ગુરૂ દયાળ;
બાગની લતાની શોભા વીનવું ગુરૂ દયાળ,
દાશને જણાય છે નવું નવું ગુરૂ દયાળ.
પુષ્પ લતા પુલી છે સોહામણી ગુરૂ દયાળ,
મંદ મંદ પવનમાં સુગંધ ઘણી ગુરૂ દયાળ;
મોગરો ગુલાબ પુલ્યાં અતી ઘણાં ગુરૂ દયાળ,
કદળી કદમ ને ચંપા ઘણા ગુરૂ દયાળ.
બાગની લતા ઘણી સોહામણી ગુરૂ દયાળ,
તે માંહે બીરાજે છબી ગુરૂ તણી ગુરૂ દયાળ;
સનસુખ બીરાજે બાણુ શીવ તણા ગુરૂ દયાળ;
હેવી છબી નીરખવાનું મન ઘણું ગુરૂ દયાળ.

શંકર સ્વામીજી ત્યાં પધારીઆ ગુરૂ દયાળ,
નીકટ આછન આપીને બેસાડીઆ ગુરૂ દયાળ;
મમ મતી અતિ મંદને કહી નવ શકું ગુરૂ દયાળ,
જોઇ જોઇ રૂપ મનમાં છકું ગુરૂ દયાળ.
બીજાં ચરિત્ર શું શું વીનવું ગુરૂ દયાળ,
પાષાણુ ઉપર ચરણુ ધાર્યા તે જોઈ નમું ગુરૂ દયાળ;
દાશની તો વીનતી મન આણુજો ગુરૂ દયાળ,
આપનો તે દાસ કરી થાપજો ગુરૂ દયાળ.
હાથ જોડીને જવેરીલાલ કહે ગુરૂ દયાળ,
આપની ચરણુમાં લોટતો રહું ગુરૂ દયાળ;

ગાય શીખેને જે કોઈ સાંભળે ગુરૂ દયાળ,
જન્મ મરણના ફેરા ટળે ગુરૂ દયાળ.

ચલત.

દરશ ગુરૂ દીજોરે ગુરૂ ઘનશ્યામ,
દરશ ગુરૂ દીજોરે ગુરૂ ઘનશ્યામ.
ગુરૂ કેશવકો ધ્યાન ધરત હું રે,
સ્વપનેં મેં દરશ દેખાયોરી ગુરૂ ઘનશ્યામ.
ભુંજગ આભુષણ ભસ્મી અંગ ધારારે,
દરશ દરશ સુખ પાયોરી ગુરૂ ઘનશ્યામ.
ચરણાદીક કો પાન કરત હું રે,
જન્મ કો પાપ બહાયોરી ગુરૂ ઘનશ્યામ.
આપ સકલ કૃપાકે સાગરરે,
ધ્યાન ધરત મન ભાયોરી ગુરૂ ઘનશ્યામ.
શબ દેવનમેં યાદ ગુરૂજીરે,
શંકર બાણી સુણાઓજી ગુરૂઘનશ્યામ.
દાસ વિજયશંકરકી અરજીરે,
ચરણ કમલ લીપટાયોરી ગુરૂ ઘનશ્યામ.

ગરબી.

ગુરૂજીએ જ્ઞાનની ખોલી ખડકીરે,

સુતી જાગું રે સુતી જાગું.
સુપર ઉઠ ભડકી,
ગુરૂજીએ જ્ઞાનની ખોલી ખડકીરે.
ગુરૂ કેશવ નામ ધરાવ્યાંરે,
નાગર લોકને જ્ઞાન બતાવ્યા;
એવાં ગુરૂનાંરે એવાં ગુરૂનાં,
ચરણુ સહુને ભાવ્યાં. ગુરૂજી.
લોકો સ્વામી સ્વામી સહુ જાણેરે,
તેનો મહિમાનો ભેદ ન પામેરે;
સ્થાપ્યા કાશી હાં સ્થાપ્યા કાશી,
વીશ્વેશ્વર બાણુ. ગુરૂજી.
કહે દાસ ગુરૂજીથી સમજોરે,
મને દુનીઆમાં ઘણો નંઘોરે,
શ્રી ગુરૂજી હાં શ્રી ગુરૂજી,
ચરણુમાં તે રૂંધો. ગુરૂજી.

(આ શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો—એ રાહ)
ગુરૂ પરમહંસ નામ પ્રકાસીયું સદા, પ્રકાસીયું સદા હો
પ્રકાસીયું સદા—ગુરૂ પરમ.

સાખી

સ્વામી સ્વામી સહુ કહે, ભેદ ન જાણે કોય;
ગુરૂ શીષ્ય ભજનાગર, ગુરૂ કૃપા ચીત હોય.

ધરમશાળા કરાવી ગણુપતલાલ વડનાગરા,
ગુરૂ છબી બીરાજ્યા બાણુ શીવ તણા સદા.
શીવતણા સદારે બાણુ શીવતણા સદા. ગુરૂ પરમહંસ.

સાખી

ગુરૂ પધાર્યા પરસુળીએ, ધારાકુંડ ભૃજ રૂપ;
ચમત્કાર ત્યાં બતાવીયા, ચરણા ચલકે શુદ્ધ.
ચરણુકમલ દેખીને અચરત થયા તુજ દાસ સદા,
દાસની તો વીનતી મન આણુજો સદા હો [૨] ગુરૂ પરમ.

સાખી

સ્વામી ભાવાનંદજી, ગંગા તીરે આય;
ચરણુદેખ અચરત થયા, આછન નાંખ્યાં ત્યાંય.
હેવી છબી દેખવાનું મન ઘણો શ્રી ગુરૂ દયાળ,
ચત્રભુજ સ્વરૂપ બતાવજો સદા. [૨] ગુરૂ પરમ.

સાખી

ચરણુપર છત્રી થઇ, અષ્ટપળું ભજરૂપ;
બહુત ભઇ રળીઆમણી, દરશન મહીમાં ખુબ.
સ્વામી ભાવાનંદજી બીરાજ્યા છે આછંન સદા,
આપની માયાનો પાર પામું ન સદા હો [૨] ગુરૂ પરમ.

સાખી

દાસ વીજયશંકર તણી, અરજ સુણજો આપ;
હાથ જોડી કરૂં વીનતી, સદા દાસનો દાસ.

હેવી અરજ દાસની મન આણજો શ્રી ગુરૂ દયાળ,
આપના ચરણમાં લોટયો રહું સદા. હો (૨) ગુરૂ પરમ.

માઢનો રાહ.

પરમ ગુરૂ ઝુલો મારા નાથ, ઝુલો તો ઝુલાવું મારા
નાથ. પરમ ગુરૂ,

ઝુલો તો ધમ ધમ કરેરે, શ્રાવણ રૂડો માસ;
એકાદશીરા દીનથી કોઇ, પુરણમાસી દીન પાંચ. પરમ.
ધરમશાળા રળીઆમણીરે, શીવ્યપુરી કૈલાસ;
ગુરૂજી આછન બીરાજીયા કાંઇ, દીધો સેવકને જ્ઞાન. પરમ.
ચાર જણા ઝુલો કહેરે, નાગર કેરી નાત;
એક મન એક ચીતથી કાંઇ, ઝુલાવું મારા નાથ. પરમ.
દાસ વીજયશંકર તણીરે, અરજી સુણજો આપ;
ગુરૂચરણમાં રાખજોજી કાંઇ, દાસ સદાનો દાસ. પરમ.

(મદન પડયો કેડરે—એ રાહ.)

દરશ ગુરૂએ દીધુંરે (૨)
બાણુ શીવતણા બીરાજ્યા, બાણુ શીવતણા બીરાજ્યારે દરશ'
દરશ ગુરૂકો નીત્ય કરેગો, મન વાંછીત ફળ પાયોરે; દરશ.
ધરમશાળામાં ગુરૂ આપ બીરાજે, શીષ્ય નાગરકેરી નાતરે દરશ.
સાંજ સમેકી આરતી હોવે, કૈલાસ સરખું જણાયરે દરશ.

ચમર ઉઠાવે મુરછંગ ઉડાવે ઝુલે ઝુલાવે ગુરૂના દાસરે. દરશ.
ગુરૂ દરશન વીન નીંદ્રા ન આવે, દાસ ચરણુ ચીત નાખેરે દરશ.
દાસ વીજયશંકરે ભજન બનાવ્યું, ગુરૂ કૃપાથી જ્ઞાન થાયરે દ.

માતાજીની ગરબી.

પુનમચાંદનીનો રાહ.

માતા કાળીકા હાં માતા કાળીકા બીરાજે વાગડ દેશમાંરે,
તેના દરસણુનો નહી પાર સકળ બ્રહ્માંડમાંરે. માતા.

સાખી.

દરશન કરીયે પ્રીતથી, ખંભપુરી વૃજ રૂપ;
અંબે કાળી માતની, દરશન મહીમા ખુબ.

દીવો અખંડ અરે હાં દીવો અંખડ બળે છે માજીના મંડપેરે,
તેના દરસણુ હીન્દુ માત્ર કરે બહુ પ્રેમથીરે. માતા.

સાખી.

આસો માસ નવરાત્રી, શુકલ પક્ષરા દીન;
નવ દીન છે સોહામણા, અષ્ટમી રૂડા દીન.

હુમ હવન થાય છે માજીના મંડપેરે,
તેમાં ગીરતને ચુંદડી હોમાય છે રે. માતા.

સાખી.

ગરબો રમવા જાય છે, ધરી સોળ શણગાર;
જઇ માજીને મંડપે, ઝણઝણ કરે ઝણકાર.

આગર આગર અરેહાં આગર આગર અંબા તણી જવાળામુખીરે.
તેના દરશન નાગરી નાત કરે બહુ પ્રેમથીરે. માતા.

(નાથ કેસે ગજકો બંધ છોડાયોરે—એ રાહ.)

નાથ ગુરૂ કેશવ નામ તીહારો,
હું તો દરશ હું તો દરશ કરૂં છું તીહારો. નાથ.
કાશીપુરીથી આપ પધાર્યા,
બંસપુરી ધરમશાળા; નાથ ગુરૂ બંસપુરી ધરમશાળા.
આપ ગુરૂ સનમુખ બીરાજ્યા તો,
નાગર શીષ્ય તીહારા. નાથ.
દાસ તીહારા દરશ કરે સબ,
દરશ દરશ સુખ પાયો;
ગુરૂ દરશનકી છબી અતી ભારી,
મુખથી કહી નવ જાયો. નાથ.
ગુરૂ કેશવકો ધ્યાન ધરત હું,
સ્વપ્ને મેં દરસ દીખાયો;
એસો દરશ મોહે નીત દીયો સત્યગુરૂ,
દાસ સદા છું તીહારો. નાથ.
દાસ વીજયશંકર છે નાગર, દાસ સદાછે તીહારો;
દાસ કહે મેરી એસી વીનતી, ગુરૂજી ચરણુ લીપટાયો. નાથ.
કેસવ નામ ગુરૂજી તીહારો, કેસવ નામ તીહારો;
નાથ ગુરૂ કેસવ નામ તીહારો.

રાગ પરજ—ચોપાઈ.

સ્વામીનાથ મ્હારા ગુરૂ આપ હાંરે (૨) બે વખત
આપે શીષ્ય કર્યા નાગરી નાત;
શીષ્ય સ્વામી સ્વામી સહુ જાણે હાંરે (૨) બે વખત
તેનો મહીનો ભેદ ન પામે;
ગુરૂ કાશીપુરીથી પધાર્યા હાંરે (૨) બે વખત
સાથે બહાણુ હટકેશ્વર લાવ્યા;
ગુરૂ પદમ આછનથી બીરાજ્યા હાંરે (૨) બે વખત
ધરમશાળામાં ધ્યાન ધરાવ્યાં;
દાસ ચમર ગુરૂને ઉડાવે હાંરે (૨) બે વખત
ગુરૂને પુષ્પની માળા ધરાવે;
આરતી શીષ્ય સર્વ ઉતારે હાંરે [૨] બે વખત
સહુની માજી ગુરૂનું જ્ઞાન આપે હાંરે સ્વામીનાથ.

ગીતિ.

એવા ગુરૂ મહારાજા અવજ્ઞાનીને પુરણ જ્ઞાન આપી;
ધરમશાળામાં બીરાજ્યારે ગુરૂ [૨] બે વખત
સર્વે શીષ્યને આશપાસ રાખી;
શીષ્ય ભેદ નવ જાણે, એક ચીતથી ભક્તિ કરે સારી;
શાકુંડ ગુરૂ આવીરે [૨] બે વખત

દેવસ્વરૂપી માયા ફેલાવી;
ચરણ સત્યાપર ધારી [૨] બે વખત
તે દરસનની મહીમા બહુ ભારી;
છત્રી થઇ ચરણાપેરે [૨] બે વખત
ચરણ દેખીને સ્વામી રહ્યા ત્યાંહી;
ભાવાનંદજી સ્વામી જ્ઞાન બતાડે ગુરૂ તણા ભારી;
દાસ વીજયશંકર છેરે ગુરૂ [૨] બે વખત
હાથ જોડીને ગુરૂચરણ આવી, એવા ગુરૂ મહારાજા

પરભાતીયાનો રાહ.

દરસ દો મોહે આજ ગુરૂ, આપ સકળ દેવા (૨) બે વખત
આપકે સમાન ગુરૂ ત્રીભોવનમે નાહી,
બબ્બી તો લગાયે ગુરૂ નંદીપે સ્વારી. દરસ.
આપે પુરણ કૃપા કરી ધરમશાળા બીરાજી,
નાગર લોક શીષ્ય કરી જ્ઞાન ત્યાં બતાવી. દરસ.
ચંદ્ર તેજ ગુરૂજી તણા, સનમુખ બીરાજી;
આરતી સન્ધ્યા સમેકી નીત્ય હોય ભારી. દરસ.
ગુરૂને દાસ ઝુલે ઝુલાવે, ધરમશાળા ગુરૂ માંહી;
પુષ્પની માળા ધરાવી ચમર દાસે ઉડાવી. દરસ.
ગુરૂ નામ કેસવ તીહારો, શીષ્ય કહે મન ભાવ્યો;
હાથ જોડી દાસ કહે, વીજયશંકર તીહારો. દરસ.

(૧૬)

શ્રી ગોરનથનો ગરબો.

શ્રી ગોરધનનાથ બીરાજ્યા વાગડ દેશકે,
બંસપુરી શહેરમાંરે લોલ;
કે નાગરવાડે આપ મંદિર બહુ ભારીકે,
દર્શન હિંદુ સર્વ કરેરે લોલ.
કે આપને મંડપ ગરબો ગાયકે, બૈરાં નાગરી ન્યાતનાંરે લોલ;
કે આસો સુદ એકમથી નવમી સુદીકે ગરબો ગાયછેરે લોલ.
કે તે મંડપ દેખવાનું મન થાયકે જઈ નાથને નમુંરે લોલ;
કે આપના મંદીરમાં જાગરણ થાયકે એકાદશી એકાદશીરે લોલ.
કે આપને શોભે છે પીતાંબર લાલકે હાથે શોભે વાંસળીરે લોલ;
કે આપને ગળે મણી માણેક માળકે શીરપર મુગટ ધર્યારે લોલ.
કે આપ દો ત્રીભુવન નાથ ગીરધારીકે દાસ ચરણે નમેરે લોલ. શ્રી.

समाप्त